ઠાકોરની ૨૫૪મી ભવ્ય રથયાત્રા | ચાંદીના રથમાં બિરાજમાન થઈ પ્રભુએ ભક્તોને આપ્યા દર્શન

ડાકોરમાં 'જય રણછોડ'ના ગગનભેદી નાદ સાથે શ્રીજી નગરચર્યાએ નીકળ્યા

ગોમતીની પ્રદક્ષિણા કરી ગૌશાળામાં ગાયોને મળવા પહોંચ્યા

તસવીરઃ ચિરંજીવ સેવક

(પ્રતિનિધિ) ડાકોર તા.૧૫

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં ઠાકોરજીની ૨૫૪મી રથયાત્રા રીતિ-રિવાજ અને પરંપરાગત રીતે યોજાઈ હતી. સવારે ૯ વાગ્યાના સુમારે ગોપાલ લાલજી ઠાઠમાઠ અને ઢોલ-નગારાના નાદ સાથે ચાંદીના રથમાં બિરાજમાન થયા હતા. ભગવાન શ્રીજીએ ડાકોરના ગોમતી તળાવની પ્રદક્ષિણા કરી નગરજનો અને યાત્રાળુઓને દર્શન આપ્યા હતા.

ડાકોરમાં છેલ્લા ૨૫૩ વર્ષથી ચાલી આવતી પરંપરા મુજબ ભગવાન હાથી, ઘોડા અને પાલખી સાથે નગરચર્યાએ નીકળે છે, જોકે મંદિર પ્રશાસન અને વહીવટી કારણોસર ગજરાજ આ વખતે સવારીમાં સામેલ નહોતા. ભાવિક ભક્તો દ્વારા ભગવાનનો રથ ખેંચીને 'દુઃખોનો નાશ થાય' તેવી અતૂટ શ્રદ્ધા સાથે સેવામાં હાજરી આપવામાં આવી હતી. રથમાં ભગવાનની સાથે વરદારી બ્રહ્મણો સેવામાં જોડાયા હતા.

આ રથયાત્રાનો મહિમા કંઈક અલગ જ છે, જ્યાં શ્રીજીએ પોતાની ગૌશાળામાં જઈને ગાયોને પણ દર્શન આપ્યા હતા. સાંજના સમયે જ્યારે ભગવાન મંદિરે પરત ફર્યા ત્યારે તેમની નજર ઉતારવાની (ઇન્ડી પિંડી) વિધિ કરવામાં આવી હતી અને ત્યારબાદ તેમને ગર્ભ ગૃહમાં પધરાવવામાં આવ્યા હતા. હજારો શ્રદ્ધાળુઓની મેદની વચ્ચે આ રથયાત્રા ભક્તિમય માહોલમાં સંપન્ન થઈ હતી.

કપડવંજ શહેરમાં શ્રીનારાયણદેવની ભવ્યતાતિભવ્ય રથયાત્રા યોજાઈ

ભક્તિ અને ઉત્સાહ સાથે નગરચર્યાએ ભગવાન નીકળ્યા

તસવીરઃ હરિશ જોષી

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૫

કપડવંજના સુપ્રસિદ્ધ નગરદેવ શ્રી નારાયણદેવદાદાની ૨૩૪મી પરંપરાગત રથયાત્રા દેવપ્રિય પુષ્ય નક્ષત્રના પવિત્ર દિવસે ભક્તિસભર માહોલમાં સંપન્ન થઈ હતી. ૨૩૩ વર્ષ જૂની પરંપરા મુજબ, અષાઢી બીજના બદલે પુષ્ય નક્ષત્રમાં નીકળતી આ યાત્રામાં હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

કપડવંજમાં મંદિરના વડપણ અને ઉત્સવ સમિતિના માર્ગદર્શન હેઠળ સર્વ સમાજના સહયોગથી ભગવાન નારાયણદેવની રથયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રથયાત્રા પૂર્વે નિજ મંદિરમાં વારાદારી સેવકો ભગવત જોશી અને જૈમીન જોશી દ્વારા વિધિવત નિશાન પૂજા અને ધાર્મિક અર્ચન કરવામાં આવ્યું હતું. બાદ સાંજે ૫:૦૦ વાગ્યે ડીજેના તાલે અને ઢોલ-નગારાના ગુંજારવ સાથે ભગવાનની શોભાયાત્રા નગરના વિવિધ રાજમાર્ગો પર પ્રસ્થાન થઈ હતી.

'જય રણછોડ, માખણ ચોર'ના નાદ સાથે નીકળેલી આ રથયાત્રા કાપડબજાર, હોળીચકલા, લાંબીશેરી અને ટાઉનહોલ થઈ કુબેરજી મહાદેવ ખાતે વિસામો લીધો હતો, જ્યાં પૂજન-અર્ચન બાદ યાત્રા મીનાબજાર અને કુંડવાવ થઈ નિજ મંદિરે પરત ફરી હતી. આ વર્ષની રથયાત્રામાં ગુજરાતી ફિલ્મ અભિનેતા મલ્હાર ઠક્કર, પ્રીતિ જોશી અને જય થડેશ્વરની હાજરી આકર્ષણનું કેન્દ્ર બની હતી.

મહેમદાવાદ:આજે ૧૩મી ભવ્ય રથયાત્રા નિકળશે

સિદ્ધિવિનાયકથી નીકળનારી યાત્રામાં આદિવાસી લોકનૃત્ય અને ૬૦ ભજન મંડળી આકર્ષણનું કેન્દ્ર બનશે

(પ્રતિનિધિ) મહેમદાવાદ તા.૧૫

મહેમદાવાદમાં ૧૬મી જુલાઈ, ગુરુવાર (અષાઢ સુદ-૨) ના રોજ ભગવાન જગન્નાથજીની ૧૩મી ભવ્ય રથયાત્રાનું ભક્તિસભર આયોજન કરવામાં આવ્યું છે. ધર્મરક્ષા સમિતિ અને શ્રી સિદ્ધિવિનાયક સેવા સમિતિ દ્વારા આયોજિત આ રથયાત્રા સવારે ૯:૩૦ કલાકે સિદ્ધિવિનાયક દેવસ્થાનથી પ્રસ્થાન કરી નગરચર્યાએ નીકળશે.

આ રથયાત્રામાં અનેક સંતો-મહંતો જેવા કે દયામૂર્તિ ગુરુમા અને સંતરામસાગર મહારાજ સહિત સંતો - મહંતો આશીર્વચન પાઠવશે. મુખ્ય મહેમાન તરીકે પૂર્વ કેબિનેટ મંત્રી અર્જુનસિંહ ચૌહાણ અને રિટાયર્ડ ડીજીપી એ.પી. સિંહ ઉપસ્થિત રહેશે. આ રથયાત્રામાં મુખ્ય આકર્ષણ તરીકે ગુજરાતના નામાંકિત કલાકારો દ્વારા આદિવાસી લોકનૃત્ય (ટીમલી) લાઈવ ડીજે સાથે રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત યાત્રામાં ૬૦ જેટલા ભજન મંડળો અને ૫૨થી વધુ ટ્રેક્ટરો જોડાશે. બપોરે ૧૨:૩૦ કલાકે સપ્તપોળ ચોક ખાતે ભગવાનનું મોસાળું યોજાશે. ભક્તો માટે ૪૦૦ કિલોથી વધુ મગના પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આયોજકો દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને આ મહોત્સવમાં જોડાવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ઐતિહાસિક ૧૦૦મી રથયાત્રા પૂર્વે ઢોલ નગારા સાથે શોભાયાત્રા મંદિરે પહોંચી

પેટલાદમાં ભગવાનનું 'મોસાળું' સંપન્ન : ભવ્ય શોભાયાત્રા નિકળી

એબી પટેલ પરિવાર દ્વારા વાજતે-ગાજતે નીકળી શોભાયાત્રા; વસ્ત્રો અને આભૂષણો અર્પણ કરાયા

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૫

પેટલાદમાં આ વખતે ૧૦૦મી રથયાત્રા ગુરૂવાર બપોરે બે કલાકે રણછોડજી મંદિરેથી પ્રસ્થાન થશે. જે પૂર્વે આજરોજ ભગવાનનું મોસાળું એ બી પટેલ પરિવાર દ્વારા ભરવામાં આવ્યું હતું. ભગવાન કૃષ્ણ, બલરામ અને બહેન સુભદ્રાના વસ્ત્રો, આભૂષણ, ભેટ - સોગાદ વગેરે સાથે ભવ્ય શોભાયાત્રા રાધે ડ્રીમથી નીકળી હતી. શહેરના રાજમાર્ગો ઉપર પસાર થઈ શોભાયાત્રા સાંજે મંદિરે પહોંચી હતી. જ્યાં ભગવાનનું મોસાળું ભરાયું હતું.

ભારતીય સંસ્કૃતિમાં અષાઢ સુદ બીજના દિવસે ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો તહેવાર ઉજવાય છે. આ માત્ર ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ તે ભારતીય સંસ્કૃતિ, પારિવારિક મૂલ્યો અને સામાજિક સમરસતાનો જીવંત ઉત્સવ છે. આ રથયાત્રા સાથે જોડાયેલી એક અત્યંત ભાવનાત્મક અને લોકપ્રિય પરંપરા એટલે મોસાળું છે. ગુજરાતી પરંપરા મુજબ ભગવાન જગન્નાથજીને માતૃપક્ષ તરફથી ભેટો, પ્રસાદ, વસ્ત્રો, આભૂષણો, મીઠાઈઓ અને અન્ય શુભ વસ્તુઓ અર્પણ કરવામાં આવે છે. આ પરંપરા ભગવાન અને ભક્તો વચ્ચેના પારિવારિક અને લાગણીસભર સંબંધનું સુંદર પ્રતિબિંબ છે. પૌરાણિક માન્યતા મુજબ ભગવાન જગન્નાથજી, તેમના ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી રથયાત્રાના દિવસે પોતાના મોસાળ તરફ પધારે છે. આ પ્રણાલિકા મુજબ આજરોજ બપોરે ત્રણ કલાકે રાધે ડ્રીમ સ્થિત અમિતભાઈ પટેલ (કુસુમ ફાઉન્ડેશન) ને ત્યાંથી મોસાળાની શોભાયાત્રાનું પ્રસ્થાન થયું હતું. જે સાંઈનાથ ચોકડી થઈ રણછોડજી મંદિરે સાંજે છ કલાકે પહોંચી હતી. એ બી પટેલ પરિવાર દ્વારા ભગવાન શ્રીકૃષ્ણ, બલરામ, શુભદ્રા અને લાલજીને વસ્ત્રો, સોના - ચાંદીના આભૂષણો, ભેટ સોગાદ વગેરે અર્પણ કર્યા હતા. ઉપરાંત શહેરના તમામ મંદિરોમાં સેવા આપતા બ્રાહ્મણો અને બહેનો માટે પણ વસ્ત્રોનું દાન કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગ નિમીત્તે તમામ ભક્તજનો માટે પ્રસાદીનું આયોજન પણ એ બી પટેલ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

યાત્રિકો માટે સાત પેકેટ નાસ્તાનું આયોજન

પેટલાદમાં આવતીકાલે ભવ્ય રથયાત્રા નીકળનાર છે. ૧૦૦મી ઐતિહાસિક રથયાત્રામાં આ વખતે શહેર, ગ્રામ્ય સહિત ભાલના ભક્તો મોટી સંખ્યામાં જોડાનાર છે. આ રથયાત્રાનો રૂટ લગભગ પાંચ કિલોમીટરનો છે. જેથી ઠેરઠેર પાણી, છાશ, સરબતનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત શહેરના અંબામાતા યુવક મંડળ દ્વારા આ વખતે પણ તીખી સેવ મમરીના નાસ્તાના સાત હજાર પેકેટ તૈયાર કરવામાં આવ્યા છે. છેલ્લા વીસ વર્ષ આયોજન કરતા આ મંડળ દ્વારા ચા અને ઠંડા પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

બજારો બંધ રાખવા અપીલ

પેટલાદ જીઆઈડીસી અને ટીમ્બર મર્ચન્ટ એશોસિએશનના પ્રમુખ મોહનભાઈ પટેલે શહેરના તમામ બજારો આવતીકાલે બપોર પછી બંધ રાખવા અપીલ કરી છે. તેઓએ જણાવ્યું હતું કે જીઆઇડીસીના તમામ ઉદ્યોગો ૧૦૦મી રથયાત્રા નિમીત્તે બપોર પછી બંધ રહેશે. તેવી જ રીતે શહેરના નાના મોટા તમામ વેપાર અને બજારો બપોર પછી બંધ રાખી પરિવાર સાથે ભક્તિભાવ પૂર્વક રથયાત્રામાં જોડાઈ તહેવારને યાદગાર બનાવવા અપીલ કરી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

નડિયાદના રોહિત ઉત્કર્ષ મંડળ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

નડિયાદ | નડિયાદ ખાતે રોહિત ઉત્કર્ષ મંડળ દ્વારા એસ.એસ.સી.થી માંડી માસ્ટર ડિગ્રી સુધીના ઉચ્ચ ટકાવારી મેળવનાર વિદ્યાર્થીઓનો અભિવાદન કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ પ્રસંગે વય

નિવૃત અને પ્રમોશન મેળવનાર મહાનુભાવોનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું અને દાતાઓના સહયોગથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મનુભાઈ મહારાજ અને પ્રો. જી.આર. મેરિયા સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

આણંદની કુંજરાવ દેવજીપુરા પ્રાથમિક શાળામાં સ્થાપના દિનની ભવ્ય ઉજવણી કરાઇ

આણંદ | આણંદ જિલ્લાની કુંજરાવ દેવજીપુરા પ્રાથમિક શાળા ખાતે સ્થાપના દિવસની ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય નિતેશભાઈ ત્રિવેદી અને સમગ્ર શિક્ષકગણ દ્વારા શાળા પરિસરમાં એક સુંદર અને સુવ્યવસ્થિત કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ગામના વાલીઓએ મોટી સંખ્યામાં હાજર રહીને પોતાનું મહત્વનું યોગદાન આપ્યું હતું. સ્થાપના દિનની આ સમગ્ર ઉજવણી ભારે ઉત્સાહપૂર્વક સંપન્ન થઈ હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

વીપી સાયન્સ કોલેજના ડો. પ્રવીણ પટેલને પ્રતિષ્ઠિત 'સીઆરએસ બ્રોન્ઝ મેડલ' એનાયત

આણંદ | વલ્લભ વિદ્યાનગરની વી. પી. સાયન્સ કોલેજના ઇન્ડસ્ટ્રીયલ કેમિસ્ટ્રી વિભાગના વડા ડો.પ્રવીણકુમાર એમ. પટેલને 'સીઆરએસ બ્રોન્ઝ મેડલ-૨૦૨૬' થી સન્માનિત કરવામાં આવ્યા છે. રાજકોટ ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય સિમ્પોઝિયમ 'રસાયણ-23'માં પ્રખ્યાત વૈજ્ઞાનિક ડો. અનિલ કાકોડકરના હસ્તે તેમને આ એવોર્ડ એનાયત કરાયો હતો. આ પ્રસંગે વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ડો. પટેલની આ વિશિષ્ટ સિદ્ધિને બિરદાવવામાં આવી હતી.

કપડવંજમાં સ્પોર્ટ્સ ફોર ટ્રાન્સફોર્મેશન ફેલોશિપનો ૨૦૨૬ બેચનો દીક્ષાંત સમારોહ ઉજવાયો

કપડવંજ | દાણી સ્પોર્ટ્સ ફાઉન્ડેશન અને કપડવંજ કેળવણી મંડળના સહયોગથી રમતગમત દ્વારા શિક્ષણ અને નેતૃત્વની ૨૧

મહિનાની સફર પૂર્ણ કરનાર ૨૦૨૬ ની બેચનો દીક્ષાંત સમારોહ ગર્વભેર યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન અને એસ.પી. યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પ્રો. નિરંજન પટેલે ફેલોસને પ્રમાણપત્રો એનાયત કરી 'વિકસિત ભારત @2047' ના વિઝનમાં તેમના યોગદાનની પ્રશંસા કરી હતી. સ્નાતક થયેલા ફેલોએ વિવિધ શાળાઓમાં રમતગમત આધારિત પ્રવૃત્તિઓ દ્વારા જીવન કૌશલ્ય, લિંગ સમાનતા અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપી સકારાત્મક અસર ઊભી કરી છે.

કપડવંજમાં ભગિની સેવા સમાજ દ્વારા આયોજિત 'આનંદ ઘર' સમર કેમ્પનો સમાપન સમારોહ યોજાયો

કપડવંજ | કપડવંજની ભગિની સેવા સમાજ દ્વારા બાળકો માટે આયોજિત નિઃશુલ્ક 'આનંદ ઘર' સમર કેમ્પનો ઇનામ વિતરણ

સાથે સફળ સમાપન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ સેજલબેન પટેલ તથા અન્ય મહાનુભાવોના હસ્તે ૨૯ જેટલા લાભાર્થી બાળકોને પ્રોત્સાહક ઇનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ નીલાબેન પંડ્યાએ વાલીઓના સહકારને બિરદાવ્યો હતો અને મહેમાનોએ આવી બાળ વિકાસલક્ષી પ્રવૃત્તિઓને ખૂબ જ બિરદાવી હતી. આર્થિક સહયોગીઓનો આભાર માની સંસ્થાના મંત્રી નયનાબેન શાહ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

કપડવંજના આલમપુરા ગામે આરસીએમ પરિવાર દ્વારા સેવા દિવસ નિમિત્તે વૃક્ષારોપણ કરાયું

કપડવંજ | ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના આલમપુરા ગામે RCM પરિવાર દ્વારા સેવા દિવસ નિમિત્તે પર્યાવરણ સંરક્ષણના સંકલ્પ સાથે

૫૫ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દલપતસિંહ રાઠોડ અને રમેશભાઈ વાડી સહિતના અગ્રણીઓ એ ઉપસ્થિત રહીને સૌને જીવનમાં ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેનું જતન કરવાની અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં ગામના આગેવાનો અને RCM પરિવારના સભ્યોએ ઉત્સાહભેર જોડાઈને પર્યાવરણને હરિયાળું અને સ્વચ્છ રાખવાના શપથ લીધા હતા.

મહેમદાવાદ તાલુકાના સણસોલી ખાતે પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમ યોજાયો

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટીના સણસોલી કેન્દ્ર અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સંયુક્ત ઉપક્રમે ખેડૂતોમાં જાગૃતિ

લાવવા માટે વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કઠલાલ તાલુકાના અરાલ, સાદરા અને છીપીયાલ સહિતના વિવિધ ગામોના કુલ ૧૦૦ જેટલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ડો. ડી. બી. પ્રજાપતિએ રાસાયણિક ખાતરોની આડઅસરો સમજાવી પ્રાકૃતિક ખેતીના પાયાના સિદ્ધાંતો અને તેના ફાયદાઓ વિશે વિસ્તૃત સમજ આપી હતી. ડો. ભરત ઠક્કરે ખેતીમાં પંચસ્તરીય મોડેલ અભિગમ અને પાક સંરક્ષણની પદ્ધતિઓ વિશે ખેડૂતોને ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ચરોતરવાસીઓએ મિસિસિપીમાં ડો. જ્ઞાનવત્સલ સ્વામીનું પ્રેરણાદાયી પ્રવચન માણ્યું

આણંદ | બીએપીએસના આંતરરાષ્ટ્રીય વક્તા ડો. જ્ઞાનવત્સલ સ્વામીએ જેક્સન ખાતે 'અલગ વિચારો, અલગ રહો, સફળ થાઓ' વિષય પર પ્રેરણાદાયી મુખ્ય ભાષણ આપ્યું હતું. હિલ્ટન જેક્સન ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મિસિસિપીના વિવિધ ભારતીય-અમેરિકન સંગઠનો અને એક હજારથી વધુ લોકો ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. આ ઐતિહાસિક પ્રસંગે જેક્સનના મેયરે ૮ જુલાઈને સત્તાવાર રીતે 'જ્ઞાનવત્સલ સ્વામી દિવસ' તરીકે ઉજવવાની વિશેષ જાહેરાત કરી હતી. બાલ કાર્યકર નિશીલ બ્રહ્મભટ્ટ તથા સુધીરભાઈ બ્રહ્મભટ્ટ સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.

નડિયાદમાં યુનીટી સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો

નડિયાદ | નડિયાદની યુનીટી સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા વાર્ષિક સામાન્ય સભા અને તેજસ્વી તારલાઓના સન્માનનો કાર્યક્રમ

યાકુબભાઈ ધુપેલીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ સમારંભમાં વર્ષ ૨૦૨૫-૨૬માં વિવિધ પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવનાર વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરાયાં હતાં. આ પ્રસંગે ઉપસ્થિત સત્યનારાયણભાઈ શાહ અને મોટિવેશનલ સ્પીકર ભાવેશભાઈ દવેએ શિક્ષણનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જ્યારે સંસ્થાના પ્રમુખ રફીકભાઈ મોટાના અને સેક્રેટરી હબીબભાઈ વરસોલા સહિતના હોદ્દેદારો અને કારોબારી સભ્યોના જહેમતથી આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

સંતરામપુર ખાતે કેશ ક્રેડિટ કેમ્પમાં ૩૧ સખી મંડળોને ૮૭.૭૦ લાખના ધિરાણની ભેટ અપાઇ

સંતરામપુર | સંતરામપુર તાલુકા પંચાયત ખાતે તાલુકા પ્રમુખ

રજનીતાબેન તાવિયાડના અધ્યક્ષ સ્થાને આયોજિત કેશ ક્રેડિટ કેમ્પમાં મહિલા સશક્તિકરણનો ઉમદા અભિગમ જોવા મળ્યો હતો. આ કેમ્પમાં તાલુકાના કુલ ૩૧ સખી મંડળોને ૮૭.૭૦ લાખની કેશ ક્રેડિટ લોન અને ૧૦ લાખના સેન્શન લેટર મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. આ તાલુકા પ્રમુખે બહેનોને આ રકમનો સદુપયોગ કરી વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ શરૂ કરવા અને પરિવારને આર્થિક ટેકો પૂરો પાડી આત્મનિર્ભર બનવા પ્રેરણા આપી હતી.

કરમસદની સંતરામ વિદ્યામંદિરમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીનીઓને નિઃશુલ્ક ચોપડા વિતરણ કરાયું

આણંદ | કરમસદ સ્થિત સંતરામ વિદ્યામંદિરમાં મોરારીદાસજી મહારાજની પાવન નિશ્રામાં વામનબંધુ ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીનીઓને નિઃશુલ્ક કુલરસ્કેપ ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહારાજે સંસ્થાના સેવાકીય કાર્યોને બિરદાવી આશીર્વચન પાઠવ્યા હતા અને ટ્રસ્ટી દીપકભાઈ શાહે સંસ્થાની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ફાઉન્ડેશનના પ્રમુખ દલસુખભાઇ પ્રજાપતિ, હોદ્દેદારો અને કરમસદ સિ.સિ. ફોરમના પ્રમુખ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં શાળાના પ્રિન્સીપાલ પિયુષ જોગાણીએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.